# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-03-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ :

રાજ્યના હવામાન વિભાગ દ્વારા બે દિવસ કમોસમી વરસાદ અને ભારેપવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે આજે વહેલી સવારથી જ કચ્છ સહિત રાજ્યના મોટા ભાગના જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે બપોરે જોરદાર પવન સાથે કચ્છના મોટા ભાગના વિસ્તારમાં વરસાદ પડ્યાના અહેવાલ છે. વહેલી સવારથી જ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું, બપોરના અચાનક ધૂળની ડમરીઓ ઉડી અને જોરદાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો. ભુજ, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાના મોટા ભાગના ગામડાઓમાં બપોરના સમયે વરસાદ પડ્યાના અહેવાલ મળ્યા છે. માંડવી અને મુન્દ્રા તાલુકાના કેટલાક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. પૂર્વ કચ્છના ગાંધીધામ, અંજાર અને કંડલામાં પવન ફૂંકાવાની સાથે વરસાદ પડ્યો હતો. જિલ્લામાં કેટલાક સ્થળોએ વરસાદનો જોર વધુ રહેતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. ભારે પવનના લીધે નુકસાનીના પણ અહેવાલ પ્રાપ્ત થયા છે. કંડલામાં મોબાઇલ ટાવર પડી ગયો હતો. સદભાગ્યે કોઇ જાનહાની નથી સર્જાણી.

આજે પડેલા કમોસમી વરસાદના પગલે પાકને ભારે નુકસાની થશે તેવી ખેડૂતોએ ચિંતા વ્યક્ત કરી છે. ઘઉ, જીરું, વરિયાળી, ઇસબગુલ, રાયડા જેવા રવિ પાક આ કોમસમી વરસાદના કારણે બગડવાની ખેડૂતો ચિંતા સેવી રહ્યા છે. કચ્છમાં કેસર કેરીને પણ વરસાદના કારણે નુકસાન થાય તેવી શક્યતા છે.

હવામાન વિભાગે સાંજે 4 વાગ્યે ચેતવણી જારી કરી છે કે કચ્છમાં આગામી ૩ કલાક માટેભારે વરસાદ સાથે વાવાઝોડની શક્યતા છે. આ સમય ગાળા દરમિયાન ૧૫ મિમીથી વધુ

વરસાદસાથે કરા પડવાની અને ૬૨ થી ૮૭ કિલોમીટરની ઝડપે તેજ પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. કેટલાક સ્થળોએ વીજળી પડવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

---

## માંડવીમાં પોલીસ આવાસોનું ખાતમુહુર્ત :

માંડવી ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા રૂપિયા 781.83 લાખના ખર્ચે નિર્મિત થનાર 27 પોલીસ આવાસોનું રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૪ કલાક ફરજ બજાવતા પોલીસ જવાનો અને તેમના પરિવારની સુખાકારી માટે સરકાર કટિબદ્ધ છે, જેના ભાગરૂપે રાજ્યમાં 20 હજાર નવા આવાસો બનાવાશે.ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ આધુનિક સુવિધા સાથેના આ પ્રકલ્પને આવકાર્યો હતો, જ્યારે IGP ચિરાગ કોરડીયાએ આ આવાસોથી જવાનોનું મનોબળ વધશે તેમ જણાવ્યુંહતું. કાર્યક્રમ દરમિયાન દિલ્હી પ્રજાસત્તાક પરેડમાં ભાગ લેનાર NCC કેડેટ જીનલબા જાડેજાનું વિશેષ સન્માન કરાયું હતું

---

## કચ્છમાં જળ સંગ્રહના કામો :

ગુજરાત વિધાનસભામાં ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીઅને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંગે પૂછાયેલા પ્રશ્નોનો સરકારે પ્રત્યુત્તર આપ્યો હતો. ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુંકે, ગાંધીધામ અને ભુજ મતવિસ્તારમાં અત્યાર સુધીમાં કુલ 415 જળસંગ્રહના કામો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે.આ પ્રોજેક્ટ્સ પાછળ કુલ ₹3680.82 લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ કામગીરીથી કચ્છના સરહદી વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને ખેડૂતોને સિંચાઈ માટે મોટી સુવિધા પ્રાપ્ત થશે.

---

## દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોની મુદતમાં વધારો :

પશ્ચિમ રેલવે દ્વારા ભુજ અને ગાંધીધામથી મુંબઈ (બાન્દ્રા)વચ્ચે દોડતી સાપ્તાહિક અને દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોની મુદતમાં વધારોકરવામાં આવ્યો છે. માર્ચ માસમાં પૂર્ણ થતી વિવિધ ટ્રેનોની મુદત હવે જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત રવિવાર, સોમવાર અને મંગળવારે ચાલતી અન્ય સ્પેશિયલ ટ્રેનોના ફેરા પણ લંબાવતા ઉનાળુ વેકેશનમાં મુસાફરોને મોટી રાહત મળશે.

---------------------------------------------------------------------------------

## બોર્ડની પરીક્ષા પૂર્ણ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થયેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ આજે ૨૦ દિવસના લાંબા સમયગાળા બાદ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ છે. મોટાભાગના પ્રશ્નપત્રો સરળ રહેતા વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્રોની બહાર નીકળી ઉત્સાહ સાથે હાશકારો અનુભવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે, કલેક્ટર આનંદપટેલના સહયોગ અને પોલીસ, આરોગ્ય, એસ.ટી. તથા પીજીવીસીએલ તંત્રના સંકલનથી આ પરીક્ષા યજ્ઞ સુપેરે પાર પડ્યો છે. અન્ય જિલ્લાની ફ્લાઈંગ સ્ક્વોર્ડ દ્વારા પણ કચ્છની શિસ્તબદ્ધ પરીક્ષા પદ્ધતિની સરાહના કરવામાંઆવી હતી. અંતિમ દિવસે અધિકારીઓએ લખપત, નખત્રાણા અને ખાવડાના કેન્દ્રોની મુલાકાત લઈ સમગ્ર સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

---------------------------------------------------------------------------------

## 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી :

આવતીકાલે ૨૦ માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ' ની ઉજવણી કરવામાં આવશે. આધુનિકરણ અને વધતા કોંક્રિટના જંગલો વચ્ચે ક્યારેક આંગણાની શાન ગણાતી ચકલીઓ હવે લુપ્ત થવાના આરે છે. ચકલીઓની ઘટતી જતી સંખ્યા પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમના સંરક્ષણ માટે આ દિવસ વિશેષ મહત્વ ધરાવે છે.

કચ્છના પર્યાવરણ પ્રેમીઓ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આવતીકાલે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે, જેમાં વિનામૂલ્યે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------------